# આણંદ કૃષિ યુનિવર્સિટીનો આઠમો આંતર પોલિટેકનિક રમતોત્સવ – ૨૦૧૯, શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, મોડલ ફાર્મ, વડોદરા ખાતે યોજાયો

શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મોડલ ફાર્મ, વડોદરા ના યજમાનપદે આઠમો આંતર પોલિટેકનિક રમતોત્સવ-૨૦૧૯ તા. ૧૮ અને ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ યોજવામાં આવેલ હતો. સદર રમતોત્સવમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની પાંચ પોલિટેકનિકના ૧૧૯ વિધાર્થી-વિદ્યાર્થિનીઓએ ખો-ખો, વોલીબોલ, ટેબલ ટેનિસ અને ચેસ રમતમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

તા. ૧૮-૦૨-૨૦૧૯ના ઉદઘાટન સમારોહની શરૂઆત ભારત દેશના જમ્મુ-કશ્મીરમાં આવેલ પુલવામામાં આતંકવાદી હુમલામાં શહીદ થયેલ વીર જવાનોની યાદમાં બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી. આ પ્રસંગે ડૉ. બી. એચ. પંચાલ, આચાર્ય, બાગાયત પોલિટેકનિકે કાર્યક્રમની રૂપરેખા આપી મહેમાનોનું શાબ્દિક સ્વાગત પ્રવચન આપેલ. આણંદ કૃષિ યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ધ્વજને નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ ડૉ. એસ. એચ. અકબરી દ્વારા લહેરાવી રમતોત્સવનો શુભાઆરંભ કરાવેલ. તેમજ આ પ્રસંગે ડૉ. એચ. સી. પટેલ, આચાર્ય, બાગાયત મહાવિદ્યાલયએ પ્રેરક સંબોધન કરેલ.

આઠમા આંતર પોલિટેકનિક રમતોત્સવના બીજા દિવસે તા. ૧૯-૦૨-૨૦૧૯ના રોજ સમાપન સમારોહમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી તથા સમાપન સમારોહના પ્રમુખશ્રી, ડૉ. એન. સી. પટેલ સાહેબશ્રીના શુભહસ્તે વિજેતા ટીમ તથા રમતવીરોને ટ્રોફી વિતરણ કરવામાં આવેલ. મુખ્ય મહેમાનશ્રી ડૉ. કે. પી. પટેલ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી અને અતિથિ વિશેષશ્રી ડૉ. એસ. એચ. અકબરી, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણના હસ્તે મેડલ તથા પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવેલ. માનનીય કુલપતિશ્રી ડૉ. એન. સી. પટેલ સાહેબે સમાપન સમારોહના પ્રમુખ સ્થાનેથી વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે સર્વાંગી વિકાસ માટે રમતોની અગત્યતાનું પ્રેરણારૂપી પ્રવચનથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ. કાર્યક્રમના અંતમાં આભારવિધિ ડૉ. વી. કે. પટેલે કરેલ હતી.








AAU
આણંદ કૃષિ યુનિવર્સિટી


AAU
આણંદ કૃષિ યુનિવર્સિટી




AAU
આણંદ કૃષિ યુનિવર્સિટી

આઠમા આંતર પોલિટેકનિક રમતોત્સવ-૨૦૧૯ના ઉદઘાટન તથા સમાપન સમારોહમાં તા. ૧૮-૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ ઉપસ્થિત રહેલ આણંદ કૃષિ યુનિવર્સિટીના મહાનુભાવો સર્વેશ્રીઓ માનનીય કુલપતિશ્રી, ડૉ. એન. સી. પટેલ સાહેબ, આચાર્ય અને વિદ્યાશાખાદ્યાક્ષશ્રી, બી.એ.સી.એ., ડૉ. કે. પી. પટેલ, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ, ડૉ. એસ. એચ. અકબરી અને આચાર્યશ્રી, બાગાયત મહાવિદ્યાલયના ડૉ. એચ. સી. પટેલે અત્રેની પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર અને વોકેશનલ કોર્ષ ઓન લેન્ડસ્કેપ ગાર્ડનિંગના વિદ્યાર્થીઓ દ્વારા અને શિક્ષકોના માર્ગદર્શનથી તૈયાર કરવામાં આવેલ હોમ ગાર્ડન, કિચન ગાર્ડનના વિવિધ મોડેલના નમૂના અને બોનસાઈ પ્રદર્શનની મુલાકાત લીધેલ હતી.






